# Day to Day Carrent Affairs

**૧૭ જાન્યુઆરી, ૨૦૧૫ : શનિવાર**

### ૧) પ્રજાસત્તાક પર્વની ઉજવણી :

- ગુજરાત સરકારે આ વખતે પ્રજાસત્તાક પર્વની ઉજવણી તાલુકા મથકોએ કરવાનું નક્કી કર્યું છે
- રાજ્ય સરકાર આ વખતે ૨૬ મી જાન્યુઆરીનું પ્રજાસત્તાક પર્વ દ્વારકા જિલ્લાના ખંભાળીયા તાલુકા મથક ખાતે ઉજવવાનું નક્કી કર્યું છે
- મુખ્યપ્રધાન આનંદીબેન પટેલ તથા રાજ્યપાલ ઓપી.કોહલી સવારે ૯ વાગ્યે રાષ્ટ્રધ્વજ લહેરાવીને સલામી આપશે.

### ૨) લીલા સેમસન :

- ફિલ્મ સેન્સર બોર્ડના અધ્યક્ષપદથી રાજીનામું
- ડેરા સચ્ચા સૌદાના પ્રમુખ ગુરમીતસિંહ રામ રહિમની ફિલ્મ ‘ મેસેન્જર ઓફ ગોડ’ ના રિલીઝના વિરોધમાં અધ્યક્ષ પદથી રાજીનામું આપ્યું

### ૩) ગાંધીનિર્વાણ દિને રાજ્યની શાળા-કોલેજોમાં ચિત્ર સ્પર્ધા :

- દેશભરમાં ચાલી રહેલ સ્વચ્છતા અભિયાન અંતર્ગત રાજ્યમાં પ્રાથમિકથી લઇ કોલેજ સુધીના વિદ્યાર્થીઓમાં સ્વચ્છતાના સહજ ગુણો વિકસે તે હેતુથી રાજ્ય સરકારે નવી પહેલ હાથ ધરી છે
- વિષય : “ મહાત્મા ગાંધી અને સફાઇ”

### ૪) સ્ટિફન કોન્સટેંટાઇન : ઇંગ્લેન્ડના પૂર્વ ફુટબોલર

- ભારતીય ફુટબોલ ટીમના નવા કોચ.
- તેઓ અંડર ૨૩ની ફુટબોલ ટીમના કોચ તરીકે પણ સેવા આપશે.
- કોન્સટેંટાઇન અગાઉ ૨૦૦૨થી૨૦૦૫ સુધી ભારતીય ફુટબોલ ટીમના મુખ્ય કોચ રહી ચૂક્યા છે
- અખિલ ભારતીય ફુટબોલ મહાસંઘ ( એ.આઇ.એફ.એફ.) દ્વારા બીજી વખત મુખ્ય કોચ પદે નિયુકતી કરાઇ

www.vivekanandacademy.org

**૫) સાનિયા મિર્ઝા- બેથેની મેટેકે: ટેનિસ**

- ભારતીય મહિલા ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝા અને તેની સાથી ખેલાડી બેથેની મેટેકે એપિયા ઇન્ટરનેશનલનો ટાઇટલ પોતાના નામે કર્યો હતો.

**૬) ભારતમાં ઓનલાઇન રેડિયોસર્વિસ લોન્ચ થઇ :**

- ભારતમાં રેડિયો સાંભળનારાઓ માટે હવે નવી ઓનલાઇન ફ્રી રેડિયોસર્વિસ લોન્ચ કરવામાં આવી છે.
- આ સર્વિસ દ્વારા યુઝર્સને ૪૩ ગ્લોબલ લેંગ્વેજમાં ૩૨ મિલિયન સોંગ સાંભળવાની સુવિધા મળશે
- આ રેડિયોસર્વિસના સી.ઇ.ઓ : એન્ટોની બે

**૭) ઘેલુભાઇ નાયક :**

- ડાંગના ગુજરાતમાં સમાવનારા સ્વાતંત્ર સેનાની ઘેલુભાઇ નાયકનું અવસાન(૯૨ વર્ષ)
- તેઓ ડાંગના ગાંધી તરીકેઓળખાતાં.

**૮) 'ધ રેડ સારી' :- પુસ્તક :**

- લેખક : જેવિયર મોરો – સ્પેન
- આ પુસ્તક સોનીયા ગાંધી પર આધારીત છે
- અગાઉ ૨૦૦૮માં સ્પેનિશ ભાષામાં 'અલ સારી રોજો' શીર્ષક સાથે આ પુસ્તક પ્રકાશિત થયું હતું

**૯) રાજ્યનો પ્રથમ બાળ ફિલ્મોત્સવ :**

- રાજકોટ શહેરમાં રાજ્યનો પ્રથમ બાળ ફિલ્મોત્સવ યોજશે.
- ૨૨થી૨૪ જાન્યુઆરી ત્રિદિવસીય મહોત્સવમાં દેશ-વિદેશની શ્રેષ્ઠ બાળ ફિલ્મો બતાવાશે.
- અલગ-અલગ કેટેગરીમાં એવોર્ડ પણ આપવામાં આવશે

**૧૦) ડૉ.શૈલેષ દેસાઇ : કાર્ડિયોલોજિસ્ટ**

- ૨૦૧૪નો પ્રિવેન્ટિવ કાર્ડિયોલોજીનો ઓરેશન એવોર્ડ વિજેતા.
- આ એવોર્ડ એસોસિયેશન ઓફ ફિઝિશિયન્સ ઓફ ગુજરાત દ્વારા અપાય છે.
- હૃદયરોગ થતો અટકાવવા માટે તેમણે કરેલા પ્રયાસો બદલ આ એવોર્ડ આપવામાં આવ્યો છે.

www.vivekanandacademy.org